**<u>મે. શ્રી જજ લેબર કોર્ટ તથા જ્યુડી.મેજી.(ફર્સ્ટ.ક.)સાહેબની કોર્ટમાં, મુ. ગોધરા</u>**

**ફો.કે.નં. : ૦૯/૨૦૨૬**
**આંક : ૦૭**

**ફરીયાદી :–** શ્રીમતી પી. કે. બારીઆ,
સરકારી શ્રમ અધિકારી અને બાળ મજુર અધિનિયમ
હેઠળના નિરીક્ષક, બહુમાળી ભવન ભોંયતળીયે,
જીલ્લા સેવા સદન–૨, ગોધરા.

**–:વિરૂધ્ધ:–**

**આરોપી :–** Prerakkumar Vinodchandd Patel
C/o. Bombay Sandwich,
Bus Station Road, Church Chowk, Godhra. 389001.
Dist- Panchmahal.

**<u>ગુનો:</u>– બાળ મજુર અધિનિયમ–૧૯૮૬ અને બાળ મજુર (પ્રતિબંધ અને નિયમન) ગુજરાત નિયમો–૧૯૯૪ હેઠળના કલમ–૧૨, નિયમ–૪(૧) ની સાથે વાંચતા કલમ–૧૬, કલમ–૭(૨) અને કલમ–૭(૩) ના ઉલ્લંઘન બદલ શિક્ષા પાત્ર મુજબ...**

**ફરીયાદ પક્ષે : ગેરહાજર**

**આરોપી તરફે : જાતે હાજર.**

**–: ઠ રા વ :–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, **તા.૨૯/૦૯/૨૦૨૫** ના રોજ આ કામના ફરીયાદી ધ્વારા આરોપીની સંસ્થાની મુલાકાત લેતા એવુ માલુમ પડેલ કે, સંસ્થાના માલીક ધ્વારા **બાળ મજુર અધિનિયમ–૧૯૮૬ અને બાળ મજુર (પ્રતિબંધ અને નિયમન) ગુજરાત નિયમો–૧૯૯૪ હેઠળના કલમ–૧૨, નિયમ–૪(૧) ની સાથે વાંચતા કલમ–૧૬, કલમ–૭(૨) અને કલમ–૭(૩) ના ઉલ્લંઘન બદલ** નો ભંગ કરી શિક્ષાપાત્ર ગુનો કરેલો છે.

(૨) આ કામના ફરીયાદીએ નામ. કોર્ટમાં ફરીયાદ દાખલ કરતા આરોપીને સમન્સ પાઠવવામાં આવેલ જે આરોપીને ધારાસર બજેલ છે જેથી આરોપીને **બી.એન.એસ.એસ. ની કલમ–૨૩૦**

મુજબ સદરહું કેસના કાગળોની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીને તેઓની સામેના આક્ષેપો અંગે સમજાવતાં, આરોપી સ્વેચ્છાએ ગુના કબુલાત પુરસીસ **આંક–૦૫** થી આપી ગુનો કબુલ હોવાનું જણાવતાં, આરોપીની સ્વૈચ્છિક કબુલાત સ્વીકારવામાં આવી તથા આરોપીનું નિવેદન **આંક–૦૬** લેતાં આરોપી ગુનો કબુલ હોવાનું જણાવે છે.

(૩) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેનાં ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકરો રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે. તેમજ તેની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ :–**

આ કામના આરોપીને **બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫** અન્વયે તકસીરવાન ઠરાવી **બાળ મજુર અધિનિયમ–૧૯૮૬ અને બાળ મજુર (પ્રતિબંધ અને નિયમન) ગુજરાત નિયમો–૧૯૯૪ હેઠળના કલમ–૧૨, નિયમ–૪(૧) ની સાથે વાંચતા કલમ–૧૬, કલમ–૭(૨) અને કલમ–૭(૩)** ના શિક્ષા પાત્ર ગુન્હા હેઠળ આરોપીને કુલ **રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)** દંડનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૧૦ (દસ)ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ **તા.૧૪ મી માર્ચ સને ૨૦૨૬** ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૪/૦૩/૨૦૨૬**
**સ્થળ : ગોધરા**

**(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)**
**Code No.: GJ01461**
**જ્યુડી. મેજી. ફ.ક.**
**મજુર અદાલત,ગોધરા.**

**–: સાદર રજુ :–**

આરોપી ધ્વારા દંડની રકમ રૂ.................................
(અંકે રૂપીયા................................................)
પહોંચ નં....................મુજબ ભરપાઈ કરવામાં આવેલ છે.

તા.૧૪/૦૩/૨૦૨૬

સબ–એકાઉન્ટન્ટ
મજુર અદાલત,ગોધરા.